## (1) ‘Olm’ નામના પ્રાણી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્રાણીને આંખ હોતી નથી.
(2) તેમને ‘બેબી ડ્રેગન’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
(3) તેઓ 10 વર્ષ ખોરાક વગર રહી શકે છે.
(4) તેઓને રહેવા માટે સ્વચ્છ પાણીની જરૂર પડે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સ્લોવેનિયા દેશની એક ગુફામાં 'Olm'ને પ્રદર્શન માટે મુકવામાં આવ્યા છે.

⇛ તેઓ આંખવિહીન ‘પિંક સેલામેન્ડર’ છે. તેની આંખો ચામડી વડે ઢંકાયેલી હોય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેઓને ‘બેબી ડ્રેગન’ કે ‘હ્યુમન ફિશ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેઓ ગુફાના જીવજંતુ ખાઈને જીવે છે.

⇛ તેઓ 10 વર્ષ સુધી ખોરાક વગર જીવી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેઓનું આયુષ્ય એક સદી જેટલું હોય છે અને તેમની વસતી ખૂબ જ ધીમી રીતે વધે છે.

⇛ તેની સંવેદનશકિત ખૂબ જ મજબૂત હોય છે તથા તેને રહેવા માટે સ્વચ્છ પાણીની જરૂર પડે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) સાયનોબેકટેરિયા (Cyanobacteria) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ બેકટેરિયા જમીન અને પાણી બન્નેમાં રહી શકે છે.
(2) તે પ્રકાશસંશ્લેષણની ક્રિયા કરી શકે છે.
(3) તે નાઈટ્રોજન ખાતરના સ્ત્રોત છે.
(4) તે ઓળખ થયેલા સૌથી જૂના અવશેષ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ સાયનોબેકટેરિયા જલીય અને ફોટોસિન્થેટીક છે. અર્થાત્ તે પાણીમાં રહે છે અને પ્રકાશસંશ્લેષણ દ્વારા પોતાનો ખોરાક જાતે જ તૈયાર કરે છે. (આથી, વિધાન (1) ખોટું છે જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ તે સામાન્ય રીતે એક કોષી હોય છે અને કોલોની (સમુદાય) તરીકે વિકાસ પામે છે.

⇛ તેઓ ઓળખ થયેલ સૌથી જૂના અવશેષ છે. તે 3.5 બિલિયન વર્ષ કરતાં પણ વધુ જૂનાં છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ચોખા અને કેટલાંક કઠોળની ખેતી માટે જરૂરી નાઈટ્રોજન ખાતરના મહત્ત્વના સ્ત્રોત છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્તમાન સમયે આપણે વાતાવરણના જે ઓકિસજન પર આધાર રાખીએ છીએ તેના નિર્માણમાં અસંખ્ય સાયનોબેકટેરિયાનો ફાળો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) આર્કટીક દરિયાઈ બરફ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) NCPOR સંસ્થાના જણાવ્યા મુજબ, આર્કટીકના દરિયાઈ બરફમાં છેલ્લા 41 વર્ષનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે.
(2) છેલ્લા 40 વર્ષોમાં આ દરિયાઈ બરફના ઘટાડાને દર 4.7% પ્રતિ દશક (દશ વર્ષ) રહયો છે.
(3) જુલાઈ 2019 માટે ઘટાડાનો દર 13% થયો છે.
(4) આવી પરિસ્થિતિ જળવાય રહેશે તો વર્ષ 2075 સુધીમાં આર્કટીક સમુદ્રમાં બરફ વધશે નહીં.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ NCPOR સંસ્થાના જણાવ્યા અનુસાર, આર્કટીકના દરિયાઈ બરફમાં છેલ્લા 41 વર્ષનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ NCPORનું પૂરુંનામ National Centre of Polar and Ocean Research છે.

⇛ બરફના સ્તરમાં થયેલાં ઘટાડાનું કારણ ગ્લોબલ વોર્મિંગ છે.

⇛ 1979 થી 2018 અર્થાત્ 40 વર્ષમાં બરફના ઘટાડાનો દર પ્રતિ દશક 4.7% રહયો છે જે જુલાઈ 2019માં 13% જેટલો થયો છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ વધારામાં જો આ પરિસ્થિતિ આમ જ રહેશે તો એવી અપેક્ષા કરવામાં આવી છે કે વર્ષ 2050 સુધીમાં આર્કટીક સમુદ્રમાં કોઈ બરફ રહેશે નહી. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ બરફના પ્રમાણમાં ઘટાડાથી ઋતુના સમયમાં ફેરફાર જોવા મળ્યો છે તથા સ્થાનિક આબોહવા અને વાતાવરણને અસર થઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ખારાપાણીના મગર (Saltwater Crocodile) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે જીવીત હોય તેવું સૌથી મોટું સરિસૃપ પ્રાણી છે.
(2) આ મગર દક્ષિણ અમેરિકા, આફ્રિકા તથા દક્ષિણ એશિયામાં જોવા મળે છે.
(3) IUCN દ્વારા તેને ભયજનક (Endangered) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.
(4) વન્યજીવ સુરક્ષા અધિનિયમ હેઠળ તેને અનુસૂચિ-1માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 17 જૂને વિશ્વ મગર દિવસ ઊજવવામાં આવે છે.

⇛ ભારતમાં 3 પ્રકારના મગર જોવા મળે છે જેમાં ખારાપાણીના મગરનો પણ સમાવેશ થાય છે.

⇛ ખારાપાણીના મગર જીવીત હોય તેવું સૌથી મોટું સરિસૃપ પ્રાણી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ મગરની લંબાઈ 6 મીટર જેટલી હોય શકે છે અને તેમનો વજન 1000 થી 1300 કિલો જેટલો હોય છે.

⇛ IUCN હેઠળ તેને સૌથી ઓછી ચિંતા (Least Concern)ની યાદીમાં સમાવવામાં આવેલ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ મગરનું વિતરણ દક્ષિણ એશિયા, દક્ષિણ–પૂર્વ એશિયા, ઓસ્ટ્રેલિયા તથા માઈક્રોનેશિયા પૂરતું સિમિત છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતના વન્યજીવ સુરક્ષા અધિનિયમ હેઠળ તેને અનુસૂચિ-1માં વર્ગીકૃત કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) ગલવાન વેલી (ઘાટી) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) ગલવાન નદી અક્સાઈ ચીન વિસ્તારમાંથી વહે છે.

(2) આ નદીનો ઉદ્દભવ ઝાસ્કર શ્રેણીની પશ્ચિમમાંથી થાય છે.

(3) આ નદી આગળ જતાં શ્યોક નદીને ભળે છે.

(4) આ નદી સિંધુ નદી પ્રણાલિનો ભાગ છે.

(A) માત્ર (1), (2) અને (4) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ભારત અને ચીનના સૈનિક વચ્ચે ગલવાન ઘાટીની પાસે તાજેતરમાં સંઘર્ષ થયેલો છે. આ ઘાટીમાંથી ગલવાન નદી પસાર થાય છે.

⇛ આ નદી અક્સાઈ ચીન અથવા તો પૂર્વીય લદ્દાખ વિસ્તારમાંથી વહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ઘાટીના વિસ્તારમાં ‘લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ’ (LAC) આવેલી છે.

⇛ નદીનો ઉદ્દભવ કારાકોરમ શ્રેણીની પૂર્વ બાજુએથી થાય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ નદી તેના ઉદ્દભવ બાદ પશ્ચિમ તરફ વહે છે અને શ્યોક નદીને મળે છે. આમ, આ નદી સિંધુ નદી પ્રણાલિનો ભાગ બને છે. (આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

⇛ આ એક ઝડપથી વહેતી નદી છે તથા તેની લંબાઈ 80 કિલોમીટર જેટલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT